(૩) (૨૩)

રજા પ્રવાસ / વતન પ્રવાસ રાહતની
સવલત પુનઃ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૭-૧૦૬૫ -ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૮ જુન, ૨૦૦૭

વંચાણે લીધા :
(૧) ના.વિ.ના ઠ. ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧- ૩૬૮- ચ, તા. ૦૧-૦૫-૨૦૦૧.
(૨) ના.વિ.ના ઠ. ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧-૧૬૯૯-ચ, તા. ૦૬-૦૧-૨૦૦૭.

## ઠરાવ

નાણા વિભાગના તારીખ : ૦૧-૦૫-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧-૩૬૮-ચ, થી રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત તાત્કાલીક અસરથી ચોક્કસ શરતોને આધીન મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવેલ છે. નાણા વિભાગના તારીખ : ૬-૧-૨૦૦૭ના છેલ્લા ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૧-૧૬૯૯-ચ થી રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત અંગેની સવલત તારીખ : ૩૧-૮-૨૦૦૭ સુધી મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવેલ છે.

૨. રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહત મોકૂફીના તારીખ : ૧-૫-૨૦૦૧ના અને તારીખ : ૦૬-૦૧-૨૦૦૭ના વંચાણે લીધેલ હુકમો હવે, આ હુકમોની રવાનગીની તારીખથી અમલમાં રહેતા નથી.

૩. રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની યોજના સને : ૨૦૦૪-૨૦૦૭ના બ્લોક વર્ષ માટે આ હુકમો રવાના થયાની તારીખથી પુનઃ શરૂ કરવામાં આવે છે.

૪. રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતનો લાભ ફક્ત રેલ્વે તેમજ જે તે સરકારી પરિવહનની બસો દ્વારા જ મેળવી શકાશે. અન્ય પરિવહન સેવાઓ મારફત કરેલ પ્રવાસ માન્ય રહેશે નહીં.

૫. રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શ્રીદેવી શુકલ)
નાયબ સચિવ,
નાણા વિભાગ

પ્રતિ,
- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

(પાછળ)